અશ્રુમતી નાટકનાં ગાયનો.

શ્રીમંત ગાયકવાડ સરકાર આશ્રય પ્રાપ્ત [illegible]
શ્રી દેશી નાટક સમાજને માટે.

રચી આપનાર.

ઝવેરી ડાહ્યાભાઈ ધોળશાજી.

માજી ધ સ્કૂલ ડિપ્ટી ઇન્સ્પેક્ટર [illegible]

આવૃત્તિ ૧ લી.

(એ સ્વામિત્વના સર્વ હક રચનારે સ્વાધીન રાખ્યા છે [illegible] કોઈએ [illegible] નહીં.)

અમદાવાદમાં.
[illegible] "[illegible]" છાપખાનામાં શા. [illegible] છાપ્યું.
સંવત ૧૯૫૨—સને ૧૮૯૬.
કીમત રૂ. ૦—૨—૦ (બે આના.)

૬૨૩૭

अश्रुमती.

નાટકનો પ્રવેશવાર સંક્ષેપમાં સાર.

અંક ૧ લો.

૧—મેવાડાના રાણા **ઉદેસિંહ** મુગલબાદશાહ **અકબરશાહ થી** હારી ચિતોડ મુકી ઉદેપુર વસાવી રાજ્યગાદી કરી રહ્યા છે. ઉદેસિંહ મરણ પથારીએ પોતાના સૌથી નાના દીકરા **જગમલ** ને ગાદી આપવાની ભલામણ કરેછે.

૨—જગમલ અને તેના નાદાન દોસ્તદારો. **છગવો** ધાંયજો **મલુકચંદ** વાણીઓ અને **લાલસંગ** બારોટ.

૩—પ્રધાન **રાવતકૃષ્ણ** અને **ચંદાવટ** હવે થનાર રાણા જગમલ સંબંધી વિચાર કરેછે. શનીગઢના રાણા અને **પ્રતાપસિંહના** મામા **ઝાલોરરાવ** આવી પ્રધાનોને ઠપકો દેછે. રાજ્ય **પ્રતાપસિંહને** અપાવવા પેરવી.

૪—કચેરીમાં જગમલને ગાદીએ બેસતાં અટકાવી **પ્રતાપ** ને ગાદી આપવી. શિકાર સારૂ રીવાજ પ્રમાણે નિકળવાનો હુકમ.

૫—નાસીપાસ થયેલો જગમલ અને તેના શીશીઆરીખોર દોસ્તો.

૬—પ્રતાપ અને તેના નાના ભાઇ શુક્તસિંહ શિકારમાં, બેની તકરાર, રાજ્યગુરૂનું વચમાં પડવું ક્રોધથી રાજ્યગુરૂ શાપ દઇ આપઘાત કરેછે; પ્રતાપ નાનાભાઇને દેશવટો દેછે. નાનો ભાઇ શુક્તસિંહ બદલો લેવાની ધમકી આપી નિકળી જાય છે.

૭—પ્રતાપ અને પ્રધાન; પ્રધાન, અંબરનો રાજા અને અકબરનો સાળો માનસિંહ મેમાન તરીકે આવનાર છે એમ જાહેર કરેછે; પ્રતાપરાણા મુસલમાનને કન્યાદઇ વટલેલ રજપૂતની સરભરામાં રહેવાનું ના કબૂલ કરી અમરકુમારને માનસિંહની સરભરામાં રહેવા કહેછે; કુમાર આનાકાની કરેછે; પ્રતાપસિંહ પરાણે મોકલેછે.

૮—માનસિંહ તથા અમરકુમાર વચ્ચે તકરાર. પ્રતાપ કુમાર સાથે સામેલ રહી માનસિંહનો તિરસ્કાર કરેછે.

૯—રાણી અને પ્રતાપ; મુંગલ લશ્કર આવ્યાની ખબર; કુંવરી અશ્રુમતીને ભિલ્લરાજ પાસે મોકલી દેવાનો હુકમ. કુંવરની યુદ્ધમાં વિદાયગિરી.

૧૦—રજપૂત યોદ્ધાઓને ઉશ્કેરણી.

૧૧—અશ્રુમતી તથા તેની સાહેલી મલીના અને બીજી સાહેલીઓ હાસ્ય વિનોદમાં; દાસી ભિલ્લરાજ પાસે જવાનો હુકમ સંભળાવે છે; એટલામાં શાહાજાદો સલીમ શિકારે નિકળ્યો છે એમ બૂમ પડેછે; મલીના નાશી જાય છે. અશ્રુમતી અને સલીમનો મેળાપ.

૧૨—યુદ્ધ, પ્રતાપ કેદી, શુક્તસિંહ બદલો લેવા નિકળેછે. વિકાનેરના રાજકુમાર કવિરાજ પૃથિરાજ વારે છે.

૧૩—પ્રતાપ કેદખાનામાં; શુક્તસિંહ વેશ બદલી સીપાઇને સમજાવી પાસે જાયછે; પોતે ભાઇને ઠેકાણે કેદી થઇ ભાઇનો જીવ બચાવે છે.

અંક બીજો.

૧—જંગલમાં રાણી; ભિલ્લરાજ અશ્રુમતીને લાવેછે. માદીકરી

અને ભાઇ બેનનો મેળાપ. રજપૂત હાથીની ખબર. રાણી છોકરાંને ઉંઘાડી આપઘાત કરવાની તૈઆરી કરેછે. પ્રતાપ સિંહ અચાનક આવી બચાવેછે; ફરીદખાં નામે સલીમનો સરદાર શીપાઇઓ સાથે આવી કુંવરી કુવરને ઉંઘતાં ઉપડાવી જાયછે; રાજા રાણી કુંવરી કુંવરની ખોળમાં.

૨—કાણીયો દરજી અને દરજણ. દરજણને જમાલખાં સીપાઇ લઇ જાયછે.

૩—ફરીદ માનસિંહને કુંવરી કુંવર બતાવી ફુલાયછે. માનસિંહની ખુશાલી. માનસિંહ અશ્રુમતીને ફરીદ સાથે પરણાવી પ્રતાપનું નાક કાપવું ધારેછે. બાળકો ચમકી ઉઠેછે. ફરીદ અમરકુમારને કેદ કરી માનસિંહ પાસે મોકલાવેછે અમશ્રુતીને પ્રેમ જાહેર કરેછે. સલીમ આવી પ્હોંચેછે. માનસિંહને બોલાવી તપાસ શરૂ કરેછે. અકબરશાહનો એવો હુકમછે એમ માનસિંહ જાહેર કરેછે. સલીમ અશ્રુમતીની સારવારનું કામ પોતે માથે લેછે અને દરજણને હિંદુજાણી અશ્રુમતીની ખીજમતમાં રાખેછે.

૪—જંગલમાં બેહાલ હાલતમાં પ્રતાપ રાણી અને નાનાકુંવરો. રોટલાની ખેંચાખેંચ. દેશ છોડી જવાનો વિચાર ભામાશાહ અને શૂરવીરોનું આવી પ્હોંચવું. ભામાશાહ પોતાની બાર વરસ સુધી પચીસ હજાર માણસનું ભરણપોષણ થાય એટલી દોલત અર્પણ કરેછે. પૃથિરાજનો હિમ્મત ન હારવાનો પત્ર મળેછે. નશીબની વિચિત્રતા.

૫—ફરીદ અમરકુમારને લશ્કર સંબંધી બાતમી મેળવવા પુછેછે, કુમાર ઉડાવેછે.

૬—દરજી, મીયાં જમાલ; દરજી બંધાયછે, યુક્તિ રચી કમાલને

હાથે છુટો થાયછે. સીપાઇ અને અમલદારની મારામાર. એ-
ની લડાઇમાં ત્રીજાનું ફાવવું. પરનારી યારનાં મ્હોં કાળાં.

૭—ફરીદનો પોતે અશ્રુમતી પરણે એટલા સારૂ રચેલો ફરેબ. અ-
શ્રુમતી દગાખોર છે એમ દસાવી સલીમ અને અશ્રુમતી વ-
ચ્ચે અણબનાવ કરાવવાની પેરવી. પૃથિરાજની અશ્રુમતીને
છુટી કરવા માંગણી. સલીમનો વધતો જતો વ્હેમ. મલીના
અશ્રુમતી અને દરજણ.

૮—મલીના અને પૃથિરાજ, અશ્રુમતીને કોઇ રજપુત વેરે પરણા-
વી દઇ સલીમ સાથેનો સંબંધ તોડાવવા વિચાર.

૯—શુક્તસિંહ અને પૃથિરાજ અશ્રુમતી પરણાવી દેવાની પેરવી-
માં; શુક્તસિંહ આનાકાનીએ પૃથિરાજને અશ્રુમતીને મળ-
વાની હા પડાવેછે. ફરીદની ઉંધી સલાહ.

૧૦—માનસિંહ અને અમર કુમાર, અમર કુમાર પાસે સલીમને
અશ્રુમતીનું કન્યાદાન દેવડાવી પ્રતાપનું નાક કાપવાનો ઠરા-
વ; છેવટે અમરની આંખો ફોડીને પણ એ વિચાર અમલ
માં લાવવાની યોજના. શુક્તસિંહનું અચાનક વેશ બદલી આ-
વી ચઢવું. માનસિંહનું નાશી છુટવું. અમરને જોગી વેશે ન-
સાડવો.

૧૧—બાદશાહ અકબરની કચેરી.

અંક ત્રીજો.

૧—અશ્રુમતી પૃથિરાજનું રૂપ જોઇ ચકિત થવું. પ્રતાપરાણાના
સમાચાર કહેવા, સલીમ આવી પ્હોંચેછે. વ્હેમ; પૃથિરાજને કેદ.

૨—દરજી, દરજણ, કમાલ તથા જમાલ, દરજણને ફરી લઇ જા-
ય છે.

૩—પૃથિરાજ કેદમાં, મલીનાની આશાભંગ થાયછે. ફરીદ પૃથિરાજને ફસાવવા પ્રેમપત્ર અશ્રુમતી ઉપર લખાવેછે. દરજણ મારફતે મોકલાવવા સુચના કરેછે.

૪—શુક્તસિંહ અશ્રુમતીને સલીમ સાથેનો સંબંધ તોડવા સમજાવેછે. કુમારીનો દ્રઢ નિશ્ચય, છેવટે વાત છુપાવવા અને લગ્ન અટકાડીયું રોકાવવાની કબુલાત કુમારી શુક્ત કાકાને આપેછે સલીમ લગ્ન માટે તેડા આવેછે; કુમારી જવાબ વાળી શકતી નથી. રોતી રોતી જતી રહેછે. ફરીદ દરજણને પક્ષમાં લઇ કાગળ ઉઘાડો પાડેછે અને સલીમને ભંભેરી ભૂત કરેછે.

૫—જમાલ; કાણીયો; અમર જોગી વેશે, દરજણ વશ કરવાનો તુચકો અજમાવેછે. મીયાં ઠાર મારવા તૈયાર થાયછે. દરજીનું માથું વાઢી લાવવાની કબુલત, જોગી અમરની તદબીર.

૬—દરજણ અને ફરીદ; વાંધો; દરજણનો ફરીદને ફસાવવાનો ઠરાવ. માનસિંહ અને ફરીદખાં રાણાના જમાઇ થવાની ખુશાલીમાં.

૭—શુક્તસિંહ અને પૃથિરાજ, અશ્રુમતીને એકાએક ઉપાડી જવાની ગોઠવણ; સલીમને ફરીદ; અશ્રુમતી; મલીના; સલીમ, પૃથિરાજને ઠાર મારે છે. અશ્રુમતીને મારે છે. ઘા, છટકી જવાથી અશ્રુમતી બચી જાય છે. મલીના તથા દરજણ મારફતે ફરીદનું પોગળ જાહેર પડેછે, સલીમ ફરીદને મારેછે, શુક્તસિંહ અશ્રુમતીને પ્રતાપ પાસે લઇ જાયછે.

૮—રાણી અને પ્રતાપ, અસ્રુમતીથી મેળાપ, સલીમ સાથે પ્રેમની વાત જાહેર પડવી અશ્રુમતીને જોગણ બનાવે છે.

૯—દરજી; જોગી; પથારીમાં પૂતળું ગોઠવવું દરજણ માથું વાઢે-
છે; મીયાં દરજણનું નાક કાપે છે. કુટણી દરજણ મીયાંને
માથે દરજીને મારવાનું ત્હોમત મુંકી પકડાવે છે.

૧૦—જોગણ, અશ્રુ, અને સલીમ; છેલ્લે છુટાછેડા પશ્ચાતાપ.

૧૧—કચેરીમાં દરજણના મુકરદમાની તપાસ, જોગી અમર ઓળ-
ખાણ અને મેળાપ—છેવટનો આનંદ—

મુખ્ય પાત્રોનાં નામ.

અશ્રુમતી	મેવાડના રાણા પ્રતાપની પુત્રી.
મલીના	તેની સાહેલી.
અમર	અશ્રુમતીનો ભાઇ.
પ્રતાપ	મેવાડનો સૂર્યવંશી રાણો.
શુકતસિંહ ઉર્ફે સક્તો ...	પ્રતાપનો નાનો ભાઇ.
રાણી	પ્રતાપની પટરાણી.
રાવતકૃષ્ણ	પટાવતો.
ચંદાવટ	
ભામાશાહ	પ્રધાન.
ઝાલોરરાવ	પ્રતાપના મામા. શનીગઢના રાણા.
જગમલ	પ્રતાપનો નાનો ઓરમાણ ભાઇ.
છગવો	ગાંયજો. જગમલનો દોસ્ત.
મલુકો	વાણીઓ.
લાલસંગ	બારોટ.
માનસિંહ	અંબરનો રાજા. અકબરનો સાળો તથા સલીમનો મામો અને મોગલનો વિશ્વાસુ રજપૂત નોકર.
પૃથિરાજ	વિકાનેરનો રાજકુમાર કવિ. પ્રતાપનો ભકત. મલીનાનો પ્રીતમ.
ફરીદ	એક મુગલ અમલદાર.
જમાલ	મુગલ સીપાઇઓ.
કત્લખાં	
કમાલ	મુગલ અમલદાર.
દરજી	કાણો દરજી.
દરજણ	પાછળથી શાતમા નામ ધરનાર વટલેલ દરજણ કુટણી.
ગંગ	અકબરની દરબારમાં કવિ.

☞ રાજગુરૂ, યોદ્ધાઓ, વૈદ્ય, દાસીઓ, પ્રધાનો, વિગેરે.વિગેરે.

॥ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥

શ્રી

અશ્રુમતી નાટકનાં ગાયનો.

૧

મંગળાચરણ.

હે દાતા તું સુખસાર—છે જગપતિ ગતિ અપાર
નવ પ્રાણી પામે પાર. — હે૦ —
વિશ્વરંગ ભૂમી પર સ્વામી, સૂત્રધારની પદવી પામી,
જનનટ નચવી થનગન થનગનુ;
કરતા જયજયકાર—
બ્રહ્મ કહો બુદ્ધ કહો, રામ કે રહેમાન કહો,
શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ, શાન્તિનાથ ચિત્ત રહો—

નટી— ૨.

ધન્ય ! ધન્ય ! શૂરવીર નરવર તે પ્રતાપ,
રાખી ટેક અને નેક દાખવ્યો પુરો પ્રતાપ—ધ૦—
ભરતભૂમિ શીરમણી દીનમણી કુળ તણી લાજ ધરી—ધ૦—
જાત સુખ જેણે તજી રાખ્યાં રૂડાં નામ.
પરઉપકારી પુરૂષને લાખો વાર પ્રણામ;
રાજકાજ, ને સમાજ, લોકલાજ, સુખ સાજ,
જાણી દિલ દેશદાઝ ધર્મ કાજ કીધ ત્યાજ.
સહ્યા સંતાપ, રાણા પ્રતાપ, જય ! જય ! જય !—ધ૦—

દરબારી— ૩.

જાવું તો આગ, ખાલી દમામ, રાખે નકામ, પ્રાણી તમામ,
દામ રહે દામ, હામને દામ, સાથે રહે એક સાચો શ્રીરામ—
પાણી પરપોટો છે પ્રાણીનો પ્રાણ ઝાકળ બિંદુ ઝળકતું જાણ;
પલકમાં પલટાઇ જનાર, રાચી રહેલ ગણાય ગમાર.
સાથે રહે એક સાચો આરામ શ્રી રામ રામ—

છગવો-મલુકો-લાલસંગ— ૪

આ રાજકાજનાં કામ અમારા લેખા માંહિ શું,
એક હોકાટાની સાથ બધાના રામ રમાડી દઉં—
ફક્કડબંદો કારભારી થઇ કલમ ખોસું કાને,
જોઉં પછી છે કોઇ માજાયો મારૂં કહ્યું ના માને;
એ——હલતારી માના——ખબરદાર સાલા——આ૦
ગળે ટુંપીઓ કડાં હાથમાં પગે સોનાનો તોડો,
બારોટ બંદા જેવો લાવો સેનાપતિનો જોડો;
ભલે——ખમા——બાપુને ખમા——આ૦
મરદ મુછાળો કોટવાળ હું ઘાલું કોથળી કાખે,
ધડમ લગાવું ધોલ પછી છો ભલા ભલા ધુળ ફાકે;
આહંહં——ટચાક——કચ——આ૦——

નાચ— ૫

આજે આનંદ આનંદ થેઇ થેઇકાર થયો;
રાણો પ્રતાપ પ્રતાપી રવિ રાજી રહ્યો;
ગુમાનીનો ગર્વ ગળ્યો—ગુણી દીનમાન વળ્યો (૨) જય૦—
રસ્યા રસીયા હૃદયની તીજોરીએ
શાણા શૃંગારી પેડા સરજોરીએ
નીતિસત્કાર ફળ્યો—પ્રીતિરસરાજ મળ્યો—જય૦

છોકરાઓ— ૬

હવે બેશને બેશને અલ્યા ફીશીઆરી બે.ર,
માગે મ્હોત ગુસ્સો બ્હોત અને કમજોર—
ચૂપ કરો ચૂપ કરો તરવાર મ્યાન કરો;
વાણીઆભાઇ શું તમે પોતીયાં ઢીલાં કરો.
મારી મારી દમ કાઢું ભાઇને ગાદી બેસાડું.
જો જો અલ્યા જો જો અલ્યા સીપાઇઓ આવ્યા આમ,
ના ભઇશાબ હું નહીં (૨) એ ... ... લે—હવે૦—

પ્રતાપ— ૭.

જા સુખે બદલો લેજે, કરવાનું ભલે કરી લેજેરે—જા૦

સુક્ત—બહુ ગર્વધરી શું બોલે, ગર્વે ગર્ધવની તોલેરે—બહુ૦

પ્રતાપ—ભાળી કુતરા ઘણા ભસંતા હાથી નાશી જાશે,
કયાં ગજરાજાને ક્યાં ચાંચણ સેહેજે ચોળાઇ જાશે—જા૦

શુક્ત—ચાંચણ કાનેથી પેશીને હાથી નાંખે ઊંધો
ગળ્યો ગર્વ રાજા રાવણનો સમજણ મારખ સુધો—

પ્રતાપ—બસ ... ... ચુપ ... ... —જા૦

અમર— ૮.

ના ના નહિં નહિં જાશું બાપુ નીચ પ્રસંગે નીચ ન થાશુ.

પ્રતાપ—હઠ તજી દે કુમાર—વિશેષ મુકી વિચાર— નાના૦

અમર—કાજળની કાળાશ લાગતાં, ધોળું છતાં પણ કાળુ બને.

પ્રતાપ—ધારી ધર્મ મેમાન તરફનો, જીવ કચવાતાં જાવુ પડે
ઝટપટ જા જા

અમર—... ... ... ખાલી ફાંફાં

પ્રતાપ—... ... ... ગાંડો ના થા જા જા જા—

અમર-- ૯

જેણે ધર્મ તજ્યો પોતાનો, તે મુર્ખ વગર જોટાનોરે—
પરમ ધરમ તણા મરમને મુકીદઇ, વગર વિચારે વટલાય.
અરે એ લાભે ઉંડો લ્હાય — તે મુર્ખ૦
એક ટેક શીર સાટે, મુકવો તે શાને માટે, પામર પુરૂષ પલટાય,
હાંરે નરભવ એ હારી જાય—તે મુર્ખ૦

પ્રતાપ-અમર-- ૧૦

ચુપ ચુપ રે ચંડાળ કહી વળે શું કંગાળ.

માન--કાગડાઓ કોઇ કાળ હંસ ના નથી થનાર.
બન્નો—સાચા ક્ષત્રી સિંહબાળ થાય શું કદી શીઆળ.
માન—કાપોછો બેઠાની ડાળ સિંહ સામે ભરી ફાળ.
બન્નો—ઓ મુગલગુલામ, મ્હોઢે કર લગામ
માન—નથી સાર
બન્નો--... ... ... જા ગમાર
માન—... ... ... થાશો ઠાર
બન્નો—... ... ... હઠ——ચૂપ૦

રાણી— ૧૧.

રસીઆ સફળ સંસાર કરીએ આનંદઅપાર—મારા હૈયા કેરા હાર
વસીઆ હૃદયમાં વ્હાલાજી સુખેકેળવો શૃંગાર—મારા કોડીલા ભરથાર—

પ્રતાપ—વ્હાલી છે સંસાર અસાર—

દુઃખીને દુઃખમાં ના શોભે શાણી રાગ ને રંગ,
પ્રિયા આ છે જુદો પ્રસંગ—

રાણી—ભોજન કરોને ભાવતાં વળી પ્રેમ આલિંગન,
જાતું નાથજી જોબન—

ભમરૂ સુગંધી ગુલાબની જે સુંઘી તેજ સાર,
પળમાં થશે ખુવાર—

પ્રતાપ— ૧૨.

નથી સુખ સુંદરી સદાકાળ કોઇનું નભ્યું અને નભનાર,
ચઢી દશાના ચાકડે પ્રાણી માલ છે પાછા ભુમિ પડનાર—
ખીલ્યું જે ખુબ દીસે એકદી ખરનાર ખરે;
ધર્યો છે જન્મ જેણે કયાં દશાથી નાશીને ફરે—
રાતો રવિ રંગે રહે ઉગતાં ને અસ્ત થતાં,
સદા સમભાવ રાખી સજ્જનો ચિત રાચી રહેતા—

રાણી— ૧૩.

શુરવીર બનજે તું બાપુ રણમાં.

અમર—માતુ લગીર ડરીશ નહિં મનમાં—
રમણ ભમણ કરૂં, દિલમાં ન જરી ડરૂં.
ઠાર દુશમન કરૂં, માજી ક્ષણમાં—માતુ૦—
સિંહણીનું સ્તનપાન દીપાવાનો દીન આ.
જનમ સફળ કરવાનો છે સમય આ—

રાણી—બ્હાદુર બેટાને અરપણુ રણમાળ આ.
જાળવજો પ્રાણાધાર ! મારૂં તન ધન આ,

અમર—હરિ એક રાખે ટેક અને નેક.

રાણી—હે દયાળ ! મારા બાળને સંભાળ—બ્હુ.—

અશ્રુમતી—સખીઓ— ૧૪.

સુખકર વસંતપંચમી સફળ થયા સહકાર.
કોયલ કુહુ કુહુ કરી રહી સૂચવે રસ સંગાર,
સખી રસીલી રસીઆ સંગ રમતી રંગેરે;

ભરી પીચકારી પચરંગ રંગ તરંગેરે-
કેસુડાં કુસુમિત થયાં નવ નવ રંગ રસાળ.
ખેલે ફાગ વસંતરાજ ઉડે લાલ ગુલાલ,
મળી મહિલા મોહન સાથ હિંચે હિંચોળેરે;
સજે સુંદરીઓ સંગાર અંગે સોળેરે-
પટકુળ પ્હેરી પ્રેમદા રૂમઝુમ રમતી રાસ.
જાણું ત્રિભુવન જીતવા મદન સૈન્ય આ ખાસ;
સમજે સખીઓ સૌભાગ્ય સ્વામી સંગેરે.
ઝળકે જોબન રસરંગ અંગે અંગેરે-

સલીમ— ૧૫

ચિત ચોરી એ ચાલી ચાલીએ—ચાલીએ.
ચટક છટકતી ચાલ ચાલતી, શરમાતી જાતી મદમાતી.
જરી ગભરાતી ને શંકાતી, પ્રમદા મંડળમાં પંકાતી,
ચપળચક્ષુથી અમ્રત પાતી, મદન તણા ગુણ ગાતી ગાતી;
જતીજ રહી——ચિત૦——

પૃથ્વિરાજ— ૧૬.

જુઓ ભાઇ પડતાપર પાટુ નવ કરીએ.
શુરા ભરીએ બરાબરીઆથી બાથ ભરીએ-
ભાઇની સગાઇ આવે વખતે જો વિસરાઇ.
કરશો હરખભર મરશો પછી પસ્તાઇ-
લાજ જશે વીર માત પિતાની,
વખત સખત પડયો આજે રાજવીને શીર-
ઝાઝ ધરમનુ છે ભર દરીએ,
ઝંપલાવે સાગર બચાવે તેજ સાચો વીર-

પ્રતાપ— ૧૭.

પ્રભુ દશા તું પ્રાણીને શીશી બતાવે–બહુ બહુ નચાવે.
નરનાથને પળવારમાં તું ભીખ મગાવે–બહુ બહુ રોવાવે–
કમળ કોષમાં કેદ પુરાયો, જોષ જુએ ભમરો ધરી આશા
સૂર્ય ઉદય થશે બંધન છુટશે, રંગે રમીશું થઇ મદમાતા.
હા ગઇ આશા—હા જુઓ દશા,
કમળ નાળને છેદીને છુંદતો હાથી ઝડપથી હા—

પ્રતાપ– ૧૮.

એ ભાઇ ભાઇ–કીધી નવાઇ—એ૦

શુજાત—બજાવ્યો મ્હેં ભાઇ ભાઇનો ધર્મ,

પ્રતાપ—આ છે સગાઇનો પરમ મર્મ–એ૦

બદલો ખરેખરો તેં લીધ,
ડંકો તેં દેશમાંહિ દીધ—એ૦

અંક બીજો.

રાણી– ૧૯.

મનમોહન ક્યાં મળે હાં મન મોહનરે–
મનહરલાલા ગુણમણિ માળા,
લાગી રહી રાત દીવસ ભનક ભનકરે–
રસભરી વાણી સુણી લલચાણી,
તન વિરહતાપ થકી તણખ તણખરે–
નયનની શી છટા મદનની એ લતા,
ચિત્ત થયું ચતુર કાજ ચમક ચમક રે–

રાણી— ૨૦.

હાંહાં ગયા, ગયા, ગયા; ગયા. પ્યારા મારા.

જીવીને જીવીને હું શું કરૂં, રીબીને રીબીને ખાલી મરૂં,
મ્હોતથી મ્હોતથી નાના ડરૂં, ખુશીથી અર્પણ જીવ કરૂં,
જીવતજી જીવજાન પાસ જઉં, સ્નેહે સલુણાનું નામ સ્મરૂં છું.
પ્રેમપાસે ગણુતીમાં બીજાું શું જીવ જજે ત્યાં વ્હાલા વસે જયાં

પ્રતાપ—હાંહાં હે વ્હાલી વ્હેલી થતીમાં.
પ્રાણપ્રિયા તુજ સેવામાંહિ હાજર ઉભો હે મનહરણી,

રાણી—આહાહા આહાહા મધુરી વાણી ક્યાંથી પાછી શ્રવણે પડતી

પ્રતાપ—પ્રાણ પ્રિયા-

રાણી—હાં રસીઆ-

બન્ને—પ્રભુ મ્હેરે ફરી મળીઆં-

રાણી— ૨૧

આશ ગઇ પ્રિયપ્રાણ હવેશું-કાયા નભનારી
વચ્છ વિખુટી ગાય અરેરે-ઝુરી ઝુરી મરનારી-
બાળક મારાં ટળવળી મરશે, લાડકવાયાં હાયશું કરશે
કોણ મનોરથ પુરણ કરશે, શુધ બુધ હરનારી-

પ્રતાપ—રડતી રહેને પ્રાણથી પ્યારી, બાળક લાવું હજુર તારી,
ધીરજ રણધીરા રજપૂતની સંકટમાંહિ ન હઠનારી,

રાણી—જાઓને વ્હાલા, લાવોને વ્હેલા,
ખોળા હું પાથરી, માગું પાયે પડી
લાવોની લાવોની લાડકાં લાલ

પતાપ—લાવુંછું લાવુંછું જો તતકાળ-

જમાલ— ૨૨.

ક્યા ખુદ બે ખુદ હે પરી,

કાણીઓ—તેરે બાપકી હે,

જમાલ—અયે નાજની

કાણી—હા છે નાગણી કાટેગી-કયા૦

જમાલ—મશહુર ખડી હે હુર

કાણી—એશ બકબક કરતા બુડ

જમાલ—મ્હોબત કરના મંજુર-કયા૦

કાણી—દૂર હઠ રે મોયાં મજુર,

જમાલ—ચૂપ કર કાના લંગુર

કાણી—ભૂલ્યો બાદશાહ મારશો નહીં-રાંડ ખશી જાને-

અમર-અશ્રુ ૨૩

અરર અરર અરર અરર આવી ચડયાં હાય કયાંય-
મ્હોલ આપણો આ ન્હોય, દેશ આપણો ન હોય
સાથીસંબંધી ન કોય-અરર૦
માત તાત કયાં હશે, રડતાં કકળીતાં હશે,
હાય શું હરિ થશે—અરર૦
કાળ આ ઉભોછે કોણ, દૈત્યનો દીસેછે ડોળ

ફેરિદ—ડર નહિં મારા જાન તમે મારા જીગરના હીરા માણેકછો!

બન્ને—દૂર ક્રુર પાપી કોળ-અરર૦

અશ્રુ— ૨૪

દેખ્યા બાઇ દુઃખના દાડા હો—દેખ્યા૦

બન્ને—માતના ખોળે હતાં સુખેથી મ્હાલતાં-

અમર—લખ્યા હાવા દુઃખના દા'ડા બેન—લખ્યા૦

નશીબના ચકડોળે ચડીને નાચતા

અશ્રુ—સાથે રમ્યાં સાથે જમ્યાં સાથે હર્યાં સાથે ફર્યાં

અમર—આવી અચાનક આપદા, કરમે કુડાં જુદાં કર્યાં-

કરમે લખી જુદાઇ તે સંજોગ શી રીતે બને.

અશ્રુ—સૂતાં હતાં સુખ સેજમાં તે આજ અધવચ ટળવળે-
અમર—જમતાં હતાં ઘી ખાંડથી તે આજ ભુખે અડખડે.
અશ્રુ—ચઢતાં જડેલાં જ્યાં કડાં ત્યાં આજ બેડી ખડખડે-

૨૫

સલીમ—આવો કુમકુમને પગલે,
અસૃ—આવીજી ડગલે ડાગલે,
સલીમ—સુખ શાન્તિ વ્યાપી સઘળે,
ફરીદ—રોળું હું ઢગલે ઢગલે——
સલીમ—બ્હીશો નહિં જરીએ બાળા,
ફરીદ— વાહ ! શા ચલવે છે ચાળા—— આ૦
અસૃ—પારસમણી પડખે પેઠી, બીક સઘળી હેઠી બેઠી-
ફરીદ—ચાર્યું જો જો ચંડાળે ભોગવીયું હા ભૂપાળે-
મુકુ હું હાથ કપાળે.—

૨૬

પ્રતાપ—શું માયા અજબ હરીની નહિં નિત્ય નમે મોટાઇ
નથી ખબર એક ઘડીની નર પામર રહે પસતાઇ-
કાળે ચોપટ બાજી બીછાવી,
માંડી જીવ સોગઠીઓ લાવી;
દે દુઃખ સુખ પાસે ખેલાવી,
નરવાનર ખાલી ભટકી મરે ફુંપદમાં મરડાઇ-૧

૨૭

છોકરાં—મા ભુખ થકી હા હાય નથી રહેવાતું,
આ દુઃખ હવે તો નથી નથી સેહેવાતું;—
માડી તું જોને પેટ માંહી કંઇ થાયે,

અંધારાં આંખે વળે બાપુ ન ભળાયે—
કેમ બાપુ બોલવું બંધ કરીને બેઠાં,
મા ચક્કર આવે પડ્યાં પડ્યાં એ હેઠાં.—

૨૮

પ્રતાપ—ભુખ દુઃખ થકી હાહા ! આ પશુડાં રડે છે.
વજર હૃદય મારૂં દેખતાં પિગળે છે;
હર હર પ્રભુ થાશે આપની પૂર્ણ હાંસી,
ધરણી નૃપતી માથે હાય આવી દશા શી.

૨૯

મરે ભુખ્ખે ભાવે મૃગપતિ કદિ ના તૃણ ચરે,
તપે તાપે તોયે સુખડ ન સુગંધી પરહરે;
પ્રતાપી રાણાજી વિપત સહી ના ધર્મ વિસરે,
સદા તેથી તારી દુશમન મુખે કીર્તી ઉચરે–
નથી કોઇની લક્ષ્મી મરણ વખતે સાથ મરતી,
નથી વાડી લાડી મરણ સમયે સાથ કરતી;
રહે રાણા નિત્યે મરણ પછીથી એક કીર્તી,
પ્રતાપી તેતો તું પૂરણ કરતો પાય પડતી.–

૩૦

રે નશીબ તું અજબ ને ગજબ કરે કામ,
તને સો સો વાર સલામ—રે૦
કરે રંક પળે વળી રાય ક્ષણે–મરતા મુકી દામ દમામ–
વ્હા વ્હા વ્હા વ્હા વ્હા, થઇ લીલા લ્હેર અપાર.
સમતાજ ફળી, સંપત્તિ મળી
રીઝ્યા જગના સરદાર—રે૦

૩૧

અમર—માર ભલે માર લે ભસે શું વાર વાર,

અરે ઓ ગમાર બાપડા કંગાળ, પ્રભુ તારનાર
મેરૂ મહીધર નહીં ડગે ડગે નહીં શુરા નમે કોઇ કાળે,

ફરીદ—ચુપ૦———માર૦———

જમાલ— ૩૨

તગદીર ખુલા તસવીર નજર આતીહે,
માશુક તુંહી બુલબુલ મુજે ભાતી હે–
તેરે ગાલ ગુલાબી લીંબુ જેસી છાતી હે,
તેરી પતલી કમ્મર જેસી કમાન મીલ જાતીહે–
હુસ્નો પેં તેરે મેં ભવર કમર બીલહારા,
તેરી નાજુક અદાને મુજે જાન સેં મારા–
તેરી આંખ ચમકતી રાતદીનં હો તારા,
તેને મારા ચશ્મ સમશેર ખેંચ હો ધારા–

કમાલ— ૩૩

જારે નાકારે ભટીઆરે જુતી આગે ધરને વાલે,
જારે રોટીકે પકાને વાલે સુકા ટુકડા ખાનેવાલે;
હુકા તાજા કરને વાલે, ઓરતકું સમજાને વા'લે–

જમાલ—મ્હેનત દેખો હમને કીયા મીયાં મ્હોબત મ્હાતા હમે,
કમાલ—શાહાજાદાકા ખાના કયઊંજી ભઠીઆરા પા જાતાહે–
ફરજી—તમને અંબામાના સમ, જો જો કરતા બંડ બં
તુરક તુરત બુદ્ધિ તમ, જો જો મુકી મારો ધં
જમાલ—કયાહમ તુમસે હેં કયઉં કમ
કમાલ—આજા આગે એક કદમ
ફરજી—હાં હાં મીયાં હાં હાં મીયાં કજીઆ તમકા મેં નિકલે.

ફરજી— ૩૪.

આવજો મીયાં સાહેબ છે સલામ

કાહાવજો અમારા સરખું કંઇ કામ
કમ૦ જ૦ છોડબે સાલે છોડબે સાલે હાં હાં હાં હાં——
દરજી--મીયાં દેખો મોબતનાં છે આવાં રૂડાં કામ
મારકી બાયડી પડાવીએતો ઝ્ઙોડાંએ થાયે સ્યામ-
હાં હાં હાં હાં હાં હાં—— આ૦
બાપુડી પાકી આવ્યેથી હૃદયે થઉં રળીઆત.
કા૦ જ૦ કાના કાકા સુનીયે સુનીયે એક જરાસી બાત—
દરજી—એ ચુપ એ ચુપ ચાલ મારી વ્હાલી ચાલ—

સલામ-- ૩૫.

આપી આપી શું આપો આપીને આપીને-આપીને-
કિમ્મત અશ્રુની કરશો, શું નાણું રોકડ ભરશો
દોલત દુનીઆની દેશો, તોપણ અશ્રુ નહિં લેશો-
નહિં રાજ્યવળી ત્રિભુવનનું, મુલ લટકાળી લોચનનું
શું દેશો અશ્રુ સાટે.
યુધિરા૦-... ... ...દઉં પ્રાણદાન તે માટે
સલીમ—ઇદ્ ઇદ્ —— આ૦

સલીમ-અશ્રુ. ૩૬.

ચાલો ચાલો ચતુર સુજાણ, ચાલોજી ચાલોજી (૪)
ચાલોની પ્રાણ——આવી આવી પુછે પ્રિયપ્રાણ
આઇયેજી આઇયેજી (૪) આઇયે સુજાણ-
રે મન મોહન વેણ મધુરાં આ મન વિંધી વસી રહેલાં
રે લટકાળી નેન રસીલાં આ પણ અંતર લાગે ઉંડાં
તાકેલાં તીર જાય સુંસરાં-સરરરરરરર અરરરરરર-
આપો પ્રિતી રસપાન——આવો—

અશ્રુ— ૩૭.

મુકી જશો મનમોહન હરણી

સલીમ—વદે ચતુરા શું ચંપકવરણી

અશ્રુ—પગ દેતાં પ્હેલાં પ્રેમ નિસરણી

વિયોગથી કરશો શું લપસણી

સલીમ—અશ્રુ રસીલી, છેલ છબીલી

અશ્રુ—જાશો ખરે

સલીમ—... ... ... આવ્યો અરે.

મનમ્હોલે મહીલા સુખદાઇ

પ્રેમ નિસરણી છે પાકી જડાઇ

અશ્રુ—ચાલતાં પારખીયે ચતુરાઇ

પાછા પડયા કાચા કંઇ પછડાઇ

વારૂ રસીલા રંગ રંગીલા—જાશો ખરે

સલીમ—આવ્યો અરે— આમ—મુકી૦—

અશ્રુ— ૩૮.

મારા હૈયા કેરા હાર નજર કયાં આવશેરે

મારા નાજુક શુકની ભાળ અરે કોઇ લાવશેરે——

લલીત વચનની લ્હે એક લાગી સુંદરવરણથી પ્રીતિ જાગી

ચતુર સુજાણથી મેળવી વિયોગ વળાવશેરે——

માગ્યાં મુકતાફળ પણ આપીશ દેવ ગણી દીલ પિંજર સ્થાપીશ

હાજર હરનીશ રહી ચરણ તુમ ચાંપશેરે——

કનકકાયનું પિંજર કરશું હાવભાવ રત્નેથી જડશું

પોપટ પગલાં પલક કરો રસ ભાવશેરે—

મલીના— ૩૯.

સંભારૂં પ્રિય મૂર્તિ જ્યાં હૃદયમાં જ્વાળા ઉઠે લાગલી

અશ્રુનું વળી ચિત્ત ચિત્ર નિરખી આજે છળી ડાગણી,

ખોળું પ્રેમપ્રવાહ શાન્તિ કરવા હું પ્રેમની માછલી
પૃથિરાજ આવે પ્રેમપ્રવાહ પ્યારી મલીના તારી કને ઉછળી,
મલીના—આવો આવો મારા રસીલા સુજાણ.
પ્યારા હું છું તમારી.
પૃથિરાજ—વાહ વાહ વાહ પ્રેમ ક્યારી—
મલીના—પ્રેમ વૃક્ષ પ્રીતમજી પુંઠે હું ફરતી છું ક્યારી.
પૃથિરાજ—કોમળ ક્યારીને આધારે પીતા પ્રીતિવારો.
મલીના—રંગીલા — રસઘેલા.
પૃથિરાજ—રસવેલી—તું રસીલી — આવો૦

મલીના— ૪૦

મિઠ્ઠી પ્રીતીની પ્યાલી હાથમાં ઝાલી, બાથમાં ઘાલી નાચને પાવીરે,—
પ્રીત બજારે પ્રેમદા ઉભી સોદા કાજ;
સોદાગર શાણા વિના લેવાવી છે લાજ—
શાખબંધી શોધી ખરે આ ઠોકારૂં હાથ,
બેલ સમા બબુચક તણો સ્વપ્ને ન હોજો સગાથ—

મલીના— ૪૧.

વ્હાલા વાત કરોછો શીદ વરણીરે.
પૃથિ૦—વાહ ચતુરા ચંપક વરણીરે.
આતુર સુણવા શાણી વાણી,
મલીના—પ્રાણ આધાર સુંદર મનહર—
પૃથિ૦—તાલાવેલી લાગી સુણતાં મધુર વચનની મુરલી.
મલીના—પ્રીત ગાંઠ ગંઠાઇ પરસ્પર,—પ્રીતમ.
પૃથિ૦—પ્યારી—હાં —

અમર— ૪૨.

કરે અભિમાન જે હેવાન ખરી ગુમાન.
સહી અપમાન તે નાદાન ખમે નુકશાન—

મળ્યુ બહુ ધન, રૂપાળું બદન કે વિદ્યા પ્રસન્ન.
કર્યો પરમાર્થ તોતો જાણુ મળ્યું એ પ્રમાણુ—
મધુ સંચય કરી મરી રહ્યો મદમાં ભમર અજાણુ.
ના દીધું ના ભોગવ્યુ નાહક ખોયો પ્રાણ,
દીધુ હાથે રહે સાથે તે સાચું સમજ;
મળ્યો જમરાય તો તો હાય પડ્યું અભિમાન—
ગાજ્યું વાદળ જળ ભર્યું વરષ્યું ન ચાતક મુખ.
પવન ઝપાટે ઉડીયું ભાગીન કોઇની ભુખ—

સુકૃત— ૪૩
જોગી વેશે તું ઝટપટ જારે, જારે જારે જારે—
નીતિધારે, હરી વ્હારે, આવી તારે ને ઉગારે.
જારે જારે જારે — જોગી૦

અમર—માનું કાકા આભાર તમે જીવન દાતાર.
કાપી કાળો નાગ, કાઢયો કાળો ડાઘ, સાધી લાગ.
આપો આપ, હરી આપ, મારી પાપ, પાડી છાપ,
સદગુણને વ્હારે વ્હારે, દુરગુણતો મારે મારે—

—(૦)—

અંક ત્રીજો.

અંશુમતિ—હુંતો ભૂલી ચાલી શુદ્ધને સાનરે— પ્રાણ આવો.
પ્રિયપ્રાણ ઘો જીવીત દાનરે———પ્રાણ૦
દરશન દઇ દિલહર તમે, બનાવી છે બેહાલ,
પત રાખો પ્રિયતમ તમે લલિત મનોહર લાલ;
પ્રાણનુંજ ભાન, પ્રાણનુંજ ગાન, પ્રાણ જીવજાનરે.
સુતા ઉઠતાં બેસતાં ભાળું સુંદર સ્યામ,
રાત દીવસ હ્રદયે રમે રસીઆ કોટીકામદ
ગુણના નિધાન પ્રીતિ પહેચાન, ધરૂં ચિતધ્યાનરે—

પૃથ્વિ૦— ૪૪

શું સ્વરૂપ સુંદરીનું વચનથી વખાણું,
જહાનમાં ન તે સમાન રમણીરત્ન જાણું–
વૃદ્ધવિધી રંકથકી રૂપ શું રચાણું,
ઉધેઇ કેરા અંક રૂપ જરૂર ચિત્ત જાણું–
સર્વ ઉપમાન એક સ્થાનમાં સમાવી,
શક્તી સર્વ જોવા સારૂ બાળીકા બનાવી–
ગર્વ સર્વ સ્વર્ગ મૃત્યુ નારીનો હઠાવા,
દિવ્ય કુમરી આ બનાવી વિજય નિજ બતાવા,

સલીમ— ૪૫

વ્હારે મારી છબીલી તું રંગીલી થઇ શું રીસાય

અશ્રુ—જાઓ જાઓ

સલીમ—અરે એમ તે થાય કે—વ્હારે૦

અશ્રુ—જાઓ જાઓ ફીતુરીના ફંદે હવે ન ફસાય,

સલીમ—હું ફીતુરી કે

અશ્રુ—સત્તરવાર–જાણ્યા જાણ્યા જાણ્યા બધા ધુતારાના ઢંગ

સલીમ—મિઠ્ઠિ મિઠ્ઠિ માન ખાઉ માનુનીને રંગ,

અશ્રુ—પ્રપંચી પ્રાણીનો નવ પાડીએ પ્રસંગ.

સલીમ—વાણીએ બંધાયો શાણી છોડું કેમસંગ.

અશ્રુ—વાર વાર તોયે મન પરાણે તણાય–

સલીમ—ઘેલી ઘેલી મળીઆ દિલદાર,

અશ્રુ—ગાંડા ઘેલા તેવા પ્રાણઆધાર.

સલીમ—પ્રીતિનું ઘેન પડે ન ચેન.

અશ્રુ—ડાહ્યા તો વેણ ચાતુરતેન–

સલામ—	૪૬.

સુંદરી સફળ કીધો આજે આ સંસાર
પામ્યો પદમણી પ્યાર સાગરનો પાર.
અશ્રુ—નાથજી નાવ તમે તરૂણીને તારનાર,
સલીમ—શાણી રાણી તમો શુકાન ચલાવનાર;
અશ્રુ—વ્હારે વાહ વ્હારે વાહ વ્હારે વાહ—
કામની કીધી કીરતારે કર આપવા.
આજરાજ શિરતાજ કરી સ્થાપવા.
સલીમ—દાસ હુતો દિલદાર—વ્હારે૦——
બન્ને—જાણીયે જરૂર જગ જય જયકાર—

૪૭.

કાણીયો—ઓ મારી રંગીલી દરજણ, દરજણ ગુલાબનો ગોટોરે—
તારો જગમાં જડે ના જોટો—
ખવરાવું પીવરાવું હાથમાં નચાવુ, વાળે રખે તું ગડબડગોટો—
લાહી લુહીને પરણ્યો પરાણે. મનથી હું માતબર મોટો—
દરજણ—એ મારે તો જોઇશે શીરોપુરીને સાથે સાતવાનાં અં
કાણી—અરે અહિતો મળશે રોટલોને ડુંગળી શીરો પુરીતો નાણાં
નાં ટાંણાં હંઅં

દરજણ——	૪૮.

ચાલ ચાલરે મારા રંગ રસીઆ, ઉભા વેચું એવા સો કાણીઆ—
ગંધાતી ગોળીનાં પાણી કોણ પીએ, હું તો ચંબુની પીનારીરે—
એની ગાભાની ગોદડીમાં કોણ સુએ, હું તો પલંગની સુનારીરે—
હવે રોટલોને ડુંગળી ભૂત ખાયે, હું તો હલવા જલેબી જમનારીરે—
મારૂં મન મોહ્યુંરે મીયાં કમાલથી—
કમાલ—ચલીયે બીબી ચલીયે બીબી.

દરજણ—ચલીયે —ચાલ૦ —

મલીના— ૪૯

અંધારૂં સઘળે દીસે જગતમાં અંધારૂં આ અંતરે,
દીવો લઇ ફરૂં ખોળતી હૃદયનો દીવો પૃથુરાજ જે
આ વાયુ મુજ હાથના દીપકને બુઝાવી ચાલ્યો જતો,
રે ચિત્તે ચમકી રહેલ દીવડા જોજે રખે ગુલ થતો—

મલીના— ૫૦

ક્યાં ચાલ્યા પ્યારા મારા,
ઓ પ્યારા શું ન્યારા થવાના આવ્યા વારા—ક્યાં૦
મટી અમારા, તમે શું ઠગારા, થશોજી ધુતારા—ક્યાં૦
કોઇના સુભાગ્ય જાગ્યાં, મારા તો ભાગ્ય દાગ્યા,
પ્રીતમ પ્રસંગે પ્યારા, અત્યારે અકારા, નકારા નઠારા—ક્યાં
ભમરો ભોગી ભટકતો કળી કળી અથડાય.

પૃથુ૦—લલિત લલિત લ્હેજત્ત લઇ લ્હેરી લાલ લલચાય
મારૂં તે સારૂં માને મૂરખજન, સારૂં પોતાનું છે સમજે
પંડીત જન પ્યારા૦—

મલીના—કાંટો ભાગે પ્રેમનો પછી બહુ પસતાય.

પૃથિરા૦—સુખ સાટે દુઃખ વેઠવાં એતો ચોખ્ખો ન્યાય
મોહન નિહાળીએ મિઠ્ઠી નજરથી
વ્હાલાને વ્હાલાએ સાચા જીગરથી—પ્યારા૦—

અશુ— ૫૧

પ્રીતમ એ શું તજાએ; પ્રીત પ્યાલો પર હરાયે.

શુક્ત—ચૂપ કમબખ્ત પડશે લાત.

અશુ—... ... ...એહેં હેં હેં હેં—પ્રીત૦
કરીને કરીને કરશો શું શું.

સુક્ત—સિંહણુથી શ્વાનનો સંબંધ તે શું,
અશ્રુ—કાગને ક્રોધથી વાઘ કાગ થાય શું.
પ્રીત રીત છે ન્યારી.
સુક્ત—... ... ...બસ કર રે લવારી.
અશ્રુ—લબાડી લવારે ખીર ખાંડ તે તજાય—પ્રી૦
સુક્ત—અરે નિર્લજ ના લજાયે.
સલીમ— ૫૨
ચાલરે રસીલી છબીલી રંગીલી લગન વેળા વહી જાય.
આવને વ્હેલી વ્હેલી અલબેલી મગન મગન મન થાય,
કોમળ કરને ગ્રહણ કરણુ મધુરી મન લલચાય—ચાલ૦
રંગના સુરંગ સુણ્યો સુગંધી કસ્તુરી માંહ્ય, ...
સુરંગી સોને નહિં સુગંધ જગતમાં જણાય, ...
આજ કસ્તુરી સુગંધી સોનું સુગંધી થાય ... ...
મંગળ ગીત પ્રીતરીત સકળ ગોરી ગાય— ... ...
સલીમ— ૫૩
દીઠી પરીનજરજે દીનથી તને મેં હૈયું હર્યું હરણી તેદીનથી ખરેતેં
આ પ્રેમહંસ ચરવા નીકળી પ્રભાતે, શૃંગારમોતિ ચરશે ચતુરા નિરાંતે,
સલીમ— ૫૪
બસબસ મારૂં મારૂં હું બન્નેને ઠાર ઠાર
પાપીને પ્હોંચાડું પળમાંહિ જમદ્વાર,
ફરીદ—કહેવાની વાત, થાયેછે ઘાત, મારા સાહેબ, મારા સાહેબ—
નાજનીના ચપળ નયન તરત કરત શીતળ શીતળ
હોહો હાહા મટીને થાય, એહેહે અહેહે એહેહેહે
રંડાના ફંદામાં સઉ ફસનાર,
સલીમ—ફરીદહું સલીમ જુદો સરદાર—બસ૦—

અમર—　　　　　　　　　　૫૫

એક આંખને અણુસારે; સો શરને સંહારે,
એક મુખને મલકારે, શૂરવીર ધીરજ હારે.
એક બોલને લલકારે, પંડીતમંડળ મારે
શામા મુખ થકી શરમાતી મનમાં નહીં ગભરાતી,
વાટે ઘાટે નરવશ કરતી, હૈયામાં હરખાતી,
જોબનજાળ બીછાવી બાળા, જનપંખી ઝટખાલે-
લટક ચટકતી ચાલ ચાલતી, માનુની મદમાતી,
હાવભાવ છળભેદ તણાં હથીઆર ધરી જ્યાં ધાતી
કપટ વચનની લપટ ઝપટમાં સપટ માનની મારે.

ફેરીદ—　　　　　　　　　　૫૬

હવે રાણાના જમાઇ રાજ અહાહાહા ઓહોહોહો
ફરીદનું ભાગ્ય ફર્યું આજ આહાહાહા ઓહોહોહો
પડું નીક્ળા પરીથી હાલ, દામ આમ ઉડાવું લાલ
પ્હેલાં એક મ્હોલ ચણાવું હાંડી ઝુમરખ બંધાવું
ભમર પલંગ બીછાવું, તળાઇ મુખમલની મંગાવું–હવે•
અતર ઊડાવું ભભકો ભભકો, ઠાઠ ઠઠારૂં ટાપટીપ ઠમકો,
બાબી બોલાવે ખાવિંદ ખાવિંદ
આઇયે, ઠમકે, લટકે, ચટકે
કીસમત ઉઘડયું સઘળું સુધર્યું વાહ ! વાહ ! વાહ ! વાહ !

અશ્રુ•—　　　　　　　　　　૫૭

સલીમ શાહજાદા નથી હું ગુન્હેગાર
સદા પ્રભુ સમાન આપને પૂજનાર

સલીમ—બસ બસ કર રંડ આ પ્રપંચી જીભ તારી બંધ

જાણ્યો શું મને પાપણી તેં મૂરખ પ્રેમાન્ધ

અશ્રુ૦—કહો શી પડી મારી કસુર સરકાર—

ગુરૂ તમે પઢાવ્યો પ્યાર પાઠ

હજુ ન જાણું અવર ઘાટ ઘાટ

સલીમ—ભગવતનું બસ બસ કરી લે રે રંડા તું ભજન

અશ્રુ૦—મારા તો ભગવાન તમે સલીમ સજ્જન

સલીમ—બતાવે ભગવાંન તને મારી આ કટાર—

૫૮.

મારૂં અરે કદી કરોડ ફરીદને હું

હા અશ્રુ અશ્રુ નીરખું કદીકાળરે શું;

ચંડાળ મ્હેં ગરીબ ગાય વૃથા વધેરી

રે મ્લેચ્છ જો વદન આર્યનું એક ફેરી—

પ્રતાપ— ૫૯

પ્રિયા આજે સફળ આશા, તમાશા શા બતાવે દશા,

બસ્યા જે સુખના સ્વર્ગે, પડે તે દુઃખની નર્કે;

કદી ફાકવા પડે સાંસા, કદી ખીરખાંડ મળે ખાસ્સાં—

મનોરથ મન માંહી મળે, પતાસાં પાણીમાં પિગળે,

દશાના ગુપ્ત છે વાજાં, નહીં ત્યાં ઢોલ કે તાંસાં—

અશ્રુ૦— ૬૦

જુઠી જાણી જગની માયા, સેવું જગદીશની છાયા,

પ્રીતીનું ભજન, થયું છે ભંજન, કરૂં નિરંજન ભજન—

સુણુ અનેક ગણી ભોળી ભમરી, પંકજ પાંખડીપર ચઢી,

કોમળ કમળે દગો દેઇને બીચારીને માંહી બીડી દીધી,

સૂર્યે કૃપા કીધી, બેડી તોડી દીધી, પીડા હરી લીધી, મુક્તિ

સાચી દીધી દાખવીને વિધિરે——

પ્ર૦ રા૦—ભીલ પ્રસંગથી ભાન ભૂલી ગઇ,

મ્લેચ્છના સંગથી મ્લેચ્છ થતી ગઇ.

શુકત૦ પ્ર૦—કાંદા કસ્તુરી વવાયાંતાં સંગે,

કાંદાથી કસ્તુરી કાંક ભળી ગઇ.

અશ્રુ—મારી માગું બહુ બહુ પસ્તાઇ, સંગતનું ફળપૂરૂં પામી ગઇ

અવળાં—ભગવાન ભલું કરશે ——

કાણીઓ—

૬૧

આ વાંઢાપણનું દુઃખ કયાં જઇ કહીએ રે,

ઘરખુણે પેશી રોજ રોતાં રહીએ—

નાર વિના અવતાર ખરે ધુળધાણી,

માંદે સાજે કોણ ઠારશે બોલી મીઠી વાણી;

ઘડપણમાં પણ કરી ચાકરી અરે આકરી વળી ભાખરી

કરી આપી ભૂખ ભાખે.

સેજ બીછાવી સુંદર પછી પગચંપી કરવા લાગે.

ભગવાન કૃપા નિધાન, કરી કૃપા દીલું જીવદાન,

સુણી કાન વીનતી ધ્યાન, દયા નિધાન;

દે હશે હશે એક મુજ લાયક દિલજાન

બૈરે બાર બૈરે બ્હાર બૈરા વણ સુનો સંસાર-

૬૨

અશ્રુ—ભોળી ભમરી શીદ મુઝાયેરે મનમાં———થઇ તે થઇ

લાલચમાં લપટાયેરે લક્ષ્મી———ગઇ તે ગઇ

રમતીતી રંગે કમળ પ્રસંગે,

જથ્થર કમળે જાય ભુંડી પછડાઇ———થઇ તે થઇ

નગર કુવાને કહે કોઇ છીછરો કોઇ ઉંડો,

જણુ જણુની જીભ ઝાલીયે ક્યાં જઇ——થઇ તે થઇ
સાચને આંચ સમજવી ન જરીએ
તું શુદ્ધ તો જખ્ખ મારે છે દુરજન——થઇ તે થઇ
હાથે કર્યાં તે હૈયે વાગે,
ધીરજ ધરી રહે પ્રભુ ગુણ ગાઇ——થઇ તે થઇ

અશ્રુ— ૬૩.

કર કરૂણા હે જગનાથ રંક પર કર કરૂણા જગનાથ
સલીમ—રહે સુંદરી મમ સંગાથ, પ્રેમભર ભરીલે બાળા બાથ
અશ્રુ—નહિં અવર હું ઇચ્છું નાથ—રંક પર૦——
ઘોર અંધારૂં, ના કાંઇ બારૂં
વિશ્વ વિકટ આ વન છે ગાઢું, વસેછે મોહ વેરી વાટપાડુ
ધોળે દા'ડે પાડે ધર્મનું ધાડું, ચીલો ચુકે નરપંથીનું ગાડું
સલીમ—(અશ્રુ રસીલી વૈરાગ્યની વાત રહેવાદે.)
અશ્રુ—વૈરાગ્ય વગર નહિં વાત—હવે વૈરાગ્ય૦——શું૦
સલીમ—રે રે રસીલી ગાંડીને ઘેલી, ભોગવ ભોગ ભલા ભલા ભાવે
અશ્રુ—જોગીના ચિત્તમાં ભોગ ન આવે
સલીમ—કેમ ગોરી રસરંગ ગુમાવે
અશ્રુ—ગંદા ભોગા દિ ગુણીને ન ફાવે
સલીમ—હૈયું હરી શીદ હાંસી કરાવે
અશ્રુ—(હવે અડશો નહિ મને અભડાવશો, જાઓ બધું વિસરી જજો.)
સલીમ—(વ્હાલી સાચી પ્રીતતે વિસરાય, આમ આવ એકવાર ભેટ)
અશ્રુ—હાં હાં રખે અડતા મલેચ્છનાથ— જો જો. રખે૦——

પ્રતાપ—રાણી—— ૬૪.

જગદાધાર, લીલાઅપાર, પામે પાર, નર કે નાર
આ સંસાર, પારાવાર નો નિસ્તાર તું કરનાર

સુખ દુખને ખડકે અથડાય, જીવ ઝાઝ ઝાઝું પછડાય
પળ સંજોગ, પળવિયોગ, પળમાં ભોગ, પળમાં રોગ
જુઓ પ્રાણાધાર, પેલા શું કુમાર
રીઝયા વિશ્વાધાર, આજે જય જયંકાર

અમર—માતાજી પિતાજી પ્રેમથી પાયે પડું.
અંબાની આંખડી, લાલાછો લાકડી,
જય જયકાર જગમોઝાર, થેઇ થેઇ કારના હુંકાર—

સઘળા—— ૬૫.

જય જય જય ધીરવીર શુરવીર નરવર પુરણ પ્રતાપી-પ્રતાપ
નિશદિશ દશદીશ જશ છત્ર તણીછે અધીશ છપાઇ છાપ
આધાર—જયકાર—થેઇકાર—થાએ અપાર
ઝનનનનન, તનનનનન, છનનનનન, થનનનનન, છનનનનન,
ધિરકીટ તકધા—જય૦ ——
મંગળ મૂરતિ મંગળ કીરતી મંગળછો સૌભાગ્ય આધાર
ભારતવાસી ઉદાસી વિનાશી છે ગુણરાશી આ સરકાર
શાણા આ સરદાર-છાયા છાઇ અપાર
રૂપેથી, રંગેથી, ફુલેથી. ફળેથી, રસેથી, કસેથી
દૃષ્ટીની, વૃષ્ટિથી, સૃષ્ટિની, કષ્ટિને કાપીને આપીજે
લક્ષ્મી અમાપ——જય જય૦——

સમાપ્ત.

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો શ્રી દેશી નાટક સમાજની ઓફીસમાં મુકાય છે [illegible] ત્યાંથી [illegible] પુસ્તકમાં [illegible] માટે [illegible] જોઈતાં હોય તેણે [illegible] નાટક [illegible] પણ [illegible] નહીં આવે.

		રૂ. આ. પા.
શ્રી સંગીત લીલાવતી (આવૃત્તિ બીજી)	...	૦—૪—૦
પવિત્ર લીલાવતી.	... ...	૦—૨—૦
શ્રી શકુંતલા નાટકનાં ગાયનો. (આવૃત્તિ બીજી.)		૦—૨—૦
[illegible] નાટકનાં ગાયનો. (આવૃત્તી બીજી.)		૦—૨—૦
[illegible] નાટકનાં ગાયનો	... ...	૦—૨—૦
[illegible] નાટકનાં ગાયનો.	... ...	૦—૨—૦
રામરાજ્ય વિયોગ નાટકનાં ગાયનો.	... ...	૦—૨—૦
[illegible] નાટકનાં ગાયનો.	... ...	૦—૨—૦
[illegible] નાટકનાં ગાયનો.	... ...	૦—૨—૦
ઉર્વશી અપ્સરા નાટકનાં ગાયનો.	... ...	૦—૨—૦
[illegible] નાટકનાં ગાયનો.	...	૦—૨—૦

ઝવેરી ડાહ્યાભાઈ ધોળશાજી

શ્રી દેશી નાટક સમાજના માલીક.

[illegible] ઠેકાણું.

ઠે—અમદાવાદ ઝવેરીવાડની પોળ.